પ્રેસ પ્રકાશન

**ભારતીય રિઝર્વ બેંક**
વેબસાઇટ : www.rbi.org.in

સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
ફોન : 91 22 22610835/ ફેક્સ : 91 22 2266 0358 ઈ-મેઈલ : helpdoc@rbi.org.in

જાન્યુઆરી 04, 2019

**હરિહરેશ્વર સહકારી બેંક લિમિટેડ, વાઈ, સતારા, મહારાષ્ટ્ર પર આરબીઆઈ દ્વારા લાદવામાં આવેલ દંડ**

ભારતીય રિઝર્વ બેંકે બેંકિંગ વિનિયમન અધિનિયમ, 1949 (સહકારી સમિતિઓ પર યથાલાગૂ) ની કલમ 46 (4)ની સાથે કલમ 47ક (1) વાંચતા, તેના અંતર્ગત તેને પ્રાપ્ત થતી સત્તાનો ઉપયોગ કરતાં હરિહરેશ્વર સહકારી બેંક લિમિટેડ, વાઈ, સતારા પર નિર્દેશક સંબંધિત લૉનના સંબંધમાં રિઝર્વ બેંક દ્વારા જારી કરવામાં આવેલા દિશાનિર્દેશોનું દિશાનિર્દેશોનું ઉલ્લંઘન કરવા માટે **₹ 5.00 લાખ** (રૂપિયા પાંચ લાખ ફક્ત) નો નાણાકીય દંડ લાદેલ છે.

ભારતીય રિઝર્વ બેંકે બેંકને કારણ દર્શાવો નોટિસ જારી કરી હતી જેના પ્રત્યુત્તર રુપે બેંકે એક લેખિત જવાબ પ્રસ્તુત પ્રસ્તુત કર્યો હતો અને આગળ રજૂઆતો કરી હતી. ઉક્ત કિસ્સાની સમગ્ર હકિકતો અને બેંકના ઉત્તરને ધ્યાનમાં લેતા, લેતા, ભારતીય રિઝર્વ બેંક એમ નિષ્કર્ષ પર પહોંચી છે કે ઉલ્લંઘન સાબિત થયેલા છે અને દંડ લાદવો આવશ્યક છે.

અજીત પ્રસાદ
**સહાયક પરામર્શદાતા**

**પ્રેસ પ્રકાશન : 2018-2019/1559**